GJTP050013302025 ઉચ્છલનાં મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ અને જયુ. મેજી. ફ.ક સાહેબશ્રીની કોર્ટ, મુ. ઉચ્છલ.

ફોજદારી કેસ નંબર– ૧૦૮૪/૨૦૨૫
આંક: ૫

ફરિયાદી :– શ્રી સ ર કા ર.

વિરૂધ્ધ

આરોપી:– રવિન્દ્રભાઈ જઈતરાવભાઈ ગામીત
રહે– ચચરબુંદા ગામ, તા. ઉચ્છલ, જી. તાપી.

ગુન્હો:– ગુજરાત પ્રોહી.(એમેન્ડમેન્ટ) એકટની કલમ–૬૬(૧)બી મુજબ.

–::ઠરાવ::–

(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપીએ જાહેરમાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો દારુ પીધેલો તેમજ બકવાસ કરતો મળી આવી પકડાઈ જઈ, ધી ગુજરાત પ્રોહીબીશન(એમેન્ડમેન્ટ) એકટની કલમ–૬૬(૧)બી મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

(૨) આરોપીએ કબુલાત પુરસીસ આપી તેઓએ ગુનાની સ્વૈચ્છિક અને પોતાની મરજીથી ગુનો કબુલ કરતા હોય તેમજ પોતે ગરીબ વર્ગના માણસ છે અને આ તેઓનો પ્રથમ ગુનો છે. તેઓ ઉપર કુટુંબના ભરણપોષણની તમામ જવાબદારી છે. તે તમામ હકીકતો ધ્યાનમાં રાખી ઓછી સજા કરવા વિનંતી કરેલ છે.

આરોપી સામે પ્રોહિબીશન એકટની કલમ – ૬૬(૧)બી મુજબના ગુનાનો આક્ષેપ હોઈ પ્લી લેવામાં આવે છે.

(૩) આમ,આરોપીની સ્વેચ્છિક કબૂલાત તથા તેમણે પુરસીસમાં જણાવેલ કારણો તેમજ તેમની આર્થિક પરિસ્થિતિ તથા ગુજરાત પ્રોહીબિશન (એમેન્ડમેન્ટ) એકટ – ૨૦૧૬ની કલમ – ૬૬(૧)બીમાં પ્રસ્થાપિત સજાની જોગવાઈ ધ્યાને લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: હુકમ ::

(૧) બી. એન. એસ. એસ ની કલમ – ૨૭૫ અન્વયે આરોપી નાઓને **પ્રોહીબીશન એકટની કલમ – ૬૬(૧)બી મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– (અંકે રૂપીયા એકસો પુરા) નો દંડ કરવામાં આવે છે.** જો આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો દિન–૦૨ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ સ્પેશ્યીલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ઉચ્છલ.
તા: ૧૪/૦૩/૨૦૨૬

(ધાર્મિક અશોકભાઈ ગોહેલ)
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ,ફ.ક.
ઉચ્છલ, જી. તાપી.
કોડ નંબર–જીજે.૦૧૭૧૪

JPTrivedi